# મોડાસા મેયરના વોર્ડ નં. ૨માં હડકાયા કૂતરાનો આતંક

**ત્રણને બચકા ભર્યા : પ્રજાજનો સતત ભયભીત : નગરપાલિકાતંત્રને જાણ કરવા છતા નિષ્ક્રિયતા દાખવતા નગરજનોમાં રોષ**

મોડાસા, તા. ૯

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા નગરપાલિકાનો સતત કથળતો વહિવટથી નગરજનોમાં કચવાટ જોવા મળી રહ્યો છે. મોડાસા નગરપાલિકાના પ્રમુખના વોર્ડ નં. ૨માં હડકાયા કૂતરાએ આતંક મચાવતા હાહાકાર મચાવી દીધો છે. તાજેતરમાં હડકાયા કૂતરાએ બે બાળકો સહિત એક મહિલા તેમજ રખડતા ગાય, ભૂંડ જેવા પ્રાણીઓ પર હૂમલો કરતા ઋષિકેશ સોસાયટીના પ્રજાજનોમાં કૂતરાના તરખાટથી સતત ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે. સોસાયટીમાં હડકાયેલા કૂતરાએ કરફ્યુ લાદી દીધો હોય તેમ ન છૂટકે બાળકો અને મોટેરાઓએ ઘરના દરવાજા બંધ કરી રૂમમાં પુરાઈ રહેવાનો વારો આવ્યો છે. સોસાયટીના જાગૃત નાગરિકો દ્વારા વોર્ડ નં. ૨માંથી ચૂંટાયેલા કોર્પોરેટરો તેમજ નગરપાલિકાના વહીવટી અધિકારીઓને જાણ કરવા છતાં







નગરપાલિકા તંત્ર દ્વારા હડકાયેલા કૂતરાને પકડવા કોઈ નક્કર પગલા નહિ ભરાતા પ્રજાજનોમાં આક્રોશ ફેલાયો છે.

મોડાસા શહેરની ઋષિકેશ સોસાયટીમાં હડકાયેલા છ મહિનાના કૂતરાએ ભારે આતંક મચાવ્યો છે. મંગળવારે સાંજના સુમારે સોસાયટીમાં રહેતા મીત નામના બાળકને પગના ભાગે બચકા ભરતા અને શરીર પર હૂમલો ચાલુ રાખતા મીતે બૂમાબૂમ કરી મુકતા આજુબાજુના લોકોએ દોડી આવી હડકાયેલા કૂતરાના ચુંગાલમાંથી બાળકને છોડાવ્યું હતું. જ્યારે બુધવારે સવારે પોતાના રહેણાંક નજીક ઉભેલા મીનાબેન વાઘેલા પર હડકાયેલા કુતરાએ તરાપ મારી પગના ભાગે બચકા ભરી લીધા હતા. મહિલાએ બૂમાબૂમ કરતા કુતરૂ ભાંગી ગયું હતું.

ત્યાર બાદ અન્ય એક ત્રીજા ધોરણમાં અભ્યાસ કરતી બાળાને હડકાયેલા કૂતરાએ શરીરના ભાગે બચકા ભર્યા હતા. તેમજ હડકાયેલું કુતરૂ સોસાયટીમાંથી રખડતી ગાયો તેમજ ભુંડ અને અન્ય કૂતરાઓને પણ બચકા ભરતા ઋષિકેશ સોસાયટીના નગરજનોમાં ભય ફેલાયો હતો. હડકાયેલા કૂતરાનો ભોગ બનેલા બે બાળકો અને મહિલાએ ઈજાગ્રસ્ત બનતા પ્રાથમિક સારવાર અને હડકવાની રોગ પ્રતિરોધક રસી લેવાની ફરજ પડી હતી. ઋષિકેશ સોસાયટીમાં તરખાટ મચાવનાર હડકાયા કૂતરાને તંત્ર દ્વારા તાકીદે પકડવામાં આવે તેવી ઉગ્ર માંગ કરી રહ્યા છે.



ડીસાના રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલી વિશ્વકર્મા સોસાયટીમાં ગોપાલેશ્વર મહાદેવના મંદિરમાં મહાશિવરાત્રી પર્વે શ્રી ભવાની મિત્ર મંડળ દ્વારા શિવપુજાનો કાર્યક્રમ યોજાયો હતો. વેદપાઠી દુષ્યંત શાસ્ત્રી દ્વારા ધાર્મિક વિધિ કરવામાં આવી હતી.

# દિયોદર એડિશનલ સેસન્સ કોર્ટ હત્યા કેસમાં ઐતિહાસિક ચુકાદો સંભળાવ્યો

દિયોદર, તા. ૯

થરાદ તાલુકાના સાબા ગામે ૭ વર્ષ અગાઉના હત્યા કેસમાં



હત્યારા આરોપીને આજીવન કેદ અને દસ હજારનો દંડ તેમજ હત્યારા પુત્રના પિતાને નિર્દોષ જાહેર કરતો ચુકાદો આજે એડિશનલ સેશન્સ કોર્ટ ખુલ્લી અદાલતમાં સંભળાવ્યો હતો. જેમાં ચુકાદાના પગલે કોર્ટ રૂમમાં સન્નાટો છવાઈ ગયો હતો.

જાણવા મળતી માહિતી મુજબ થરાદ તાલુકાના સાબા ગામે રહેતા રબારી કેશા ભેમા તેમની પત્નિ અને પુત્ર ઘર આંગણે રાત્રીના સમય છુતા હતા તે સમયે ગામમાં રહેતા કુપાભાઈ હેમાભાઈ રબારી મોડી રાત્રે ઘરમાં પ્રવેશ કરી પરણિતાની ઈજ્જત લેવાની કોશિષ કરી હતી. જેમાં પરિણીતાનો પતિ જાગી જતા ઉશ્કેરાઈ ગયો હતો અને કુહાડી વડે કુપા રબારી ઉપર હૂમલો કર્યો હતો. જેમાં કુહાડીના ઘા મારી હત્યા કરી હતી. જે અંગે મૃતકના ભાઈ વિહાભાઈ હેમાભાઈ રબારી તા. ૨૯-૬-૨૦૦૯ના રોજ થરાદ પોલીસ મથકે (૧) રબારી કેશા ભેમા, રબારી ભેમા થાના બન્ને રહે. સાબા તા. થરાદ વિરૂદ્ધ હત્યાનો ગુન્હો નોંધાવ્યો હતો. જે અંગેની તપાસ પી.એસ.આઈ. સી.કે. પટેલે હાથ ધરી હતી. જેમાં તપાસ દરમ્યાન મૃતક કુપાભાઈ રબારી રાત્રીના એક વાગ્યાના સુમારે આરોપીની પત્ની હેતલબેન (નામ બદલ્યું છે) તેમનો હાથ પકડી ઈજ્જત લેવાની કોશિષ કરી હતી. જેમાં ઉશ્કેરાયેલ કેશા રબારી કાયદો હાથમાં લઈ કુપા રબારી ઉપર કુહાડી વડે હિંચક હૂમલો કરી મોત નિપજાવી દિધુ હતુ. જેમાં પોલીસ બન્ને આરોપીને ઝડપી પાડી જેલના સળીયા પાછળ ધકેલી દિધા હતા. જે કેસ આજે દિયોદર એડિશનલ સેસન્સ જજ વી.કે. પુજારા સમક્ષ ચાલ્યો હતો. જેમાં સરકારી વકિલ આર.ડી. જોષીના માર્ગદર્શન હેઠળ પી.પી. વકિલ ડી.વી. ઠાકોરે ધારદાર દલીલો કરી હતી. જેમાં તમામ પુરાવા એક આરોપી વિરૂદ્ધ હોવાથી આરોપી રબારી કેશા ભેમાને આજીવન કેદ અને દસ હજારનો દંડનો ચુકાદો આપ્યો હતો. તેમજ હત્યારાના પિતાનું નામ પણ ફરિયાદમાં હોવાથી તેમના પક્ષના વકિલ એન.એસ. વાઘેલા પણ ચુકાદો સમય ઉપસ્થિત રહ્યા હતા. અને દલીલો કરી હતી. જેમાં પુરાવાનો અભાવ હોવાથી શકનો લાભ આપી ભેમાભાઈ થાનાભાઈ રબારીને નિર્દોષ જાહેર કર્યો હતો.

## આઈ.પી.સી. કલમ ૩૦૭ના ગુન્હામાં પાંચ વર્ષની કેદ

હત્યાના ગુન્હામાં આરોપી કેશા ભેમા રબારી ઉગ્ર સ્વરૂપમાં આવી જઈ કૃપા રબારીની ક્રૂર હત્યા કરી નાખી હતી. તેમજ પરિણીતા હેતલબેનને પણ પેટમાં છરી મારી ઈજા પહોંચાડી હતી. તેમને તાત્કાલિક સારવાર મળી જતા તે બચી ગઈ હતી. જેમાં આરોપીએ તેની પત્ની ઉપર હૂમલા કેસમાં દિયોદર એડિશનલ સેસન્સ કોર્ટ પાંચ વર્ષની કેદ અને પાંચ હજારનો દંડ ફટકાર્યો હતો.



## યુનિક-યુ યુવા ફોર્સની શરૂઆત

યુવા અનસ્ટોપેબલ યુવાનોને સામાજિક જવાબદારીવાળા કામોમાં સ્વેચ્છાએ જોડીને તેમને જવાબદાર નાગરિક તરીકેના ઘડતરમાં જવાબદાર નાગરિક તરીકેનું ઘડતર કરી રાષ્ટ્ર નિર્માણનું કામ કરી રહી છે. તાજેતરમાં યુનિક-યુ ઈન્ટરનેશનલ સ્કૂલ ઈડર ખાતે યુનિક-યુ યુવા ફોર્સની શરૂઆત કરવામાં આવી છે. જેમાં યુનિક-યુ ના વિદ્યાર્થીઓ યુવા અનસ્ટોપેબલની ટીમ સાથે સામાજિક સેવાના વિવિધ કાર્યો કરશે. શાળા કક્ષાએથી પોતાનું સામાજિક દાયિત્વ સમજતા થાય એ પ્રમાણે કામ કરે તેમને જવાબદાર નાગરીક બનાવવા ખૂબ જરૂરી છે. યુનિક-યુ સ્કૂલ અને યુવા અનસ્ટોપેબલ સાથે મળીને આ સુંદર રાષ્ટ્ર નિર્માણની કામગીરી આરંભી છે. તે ખરેખર પ્રશંસાને પાત્ર છે. યુનિક-યુ વતીથી આનુ કો-ઓર્ડીનેશન શ્રી મનીષભાઈ પ્રજાપતિએ નિભાવ્યું હતું.

# વાવડી ગામના વાડામાંથી ૧.૨૫ લાખની કિંમતના ૨૫ પશુ ચોરાયા

હિંમતનગર, તા. ૯

હિંમતનગર તાલુકાના વાવડી ગામના પશુપાલકના ખુલ્લા વાડામાંથી રવિવારે કોઈ પશુચોર ટોળકી રૂ. ૧.૨૫ લાખની કિંમતના ૨૫ પશુઓની ચોરી કરી જતા પશુપાલકે ઘટના અંગે રવિવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાંથી દિનપ્રતિદિન વધી રહેલી પશુચોરીની ઘટનાઓને પગલે પશુપાલકોમાં ભયની લાગણી ફેલાવા પામી છે.

પશુચોરીની ઘટના અંગે પ્રાપ્ત વિગત અનુસાર તાલુકાના વાવડી ગામે રહેતા પશુપાલક કેશાભાઈ રામાજી રબારીએ પોતાના ખુલ્લા વાડામાં ૨૫ જેટલા ઘેટા બાંધ્યા હતા. જે ઘેટાની રવિવારે કોઈ પશુચોર ટોળકી ચોરી કરી ઉઠાવી જતા પશુપાલક માથે આફત આવી પડી હતી. પોતાના પશુ ચોરાયાની જાણ થતાં કેશાભાઈ રબારીએ ઘટના અંગેની રવિવારે જ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં જાણ કરી ફરિયાદ નોંધાવી હતી.

ગાંભોઈ પોલીસે રૂ. ૧.૨૫ લાખની કિંમતના પશુઓની ચોરીની ઘટના અંગે ગુનો દર્જ કરી લઈ વધુ તપાસ હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે સાબરકાંઠા જિલ્લાના ગ્રામ્ય અને સીમ વિસ્તારોમાં પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલા પશુપાલકોના પશુઓ ચોરી જવાની ઘટનાઓ દિનપ્રતિદિન વધી રહેતા પશુપાલકો અસલામતીની અનુભૂતિ કરી રહ્યા છે.

## પ્રાંતિજમાંથી આધેડ ગુમ થતા ફરિયાદ

પ્રાંતિજના નાનીભાગોળ વિસ્તારમાં આવેલ દરજી વાસમાં રહેતા નવીનચંદ્ર સોમાલાલ મિસ્ત્રી ગત શુક્રવારે ઘરેથી કોઈને કહ્યા વગર જતા રહેતા પરિવારજનો દ્વારા તેમની શોધખોળ કરવામાં આવી હતી. પરંતુ કોઈ પત્તો ન મળતા તેમના પુત્ર વિપુલભાઈ નવીનભાઈ મિસ્ત્રીએ સોમવારે પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી.

# ધાનેરામાં દારૂબંધીના ધજીયા દારૂડિયા બન્યા બેફામ

**દારૂડિયાના કારણે જાહેર બજારમાં મહિલાને નીચું જોઈ ચાલવુ પડે છે દૃશ્યો જ બતાવે છે કે ધાનેરામાં કેવી દારૂ બંધી અને કેવી પોલીસની કામગીરી**

ધાનેરા, તા. ૯

એક તરફ ક્ષત્રીય ઠાકોર સેનાએ વ્યસનમુક્તિ અભિયાન હાથ ધર્યું છે તો બીજી તરફ હજુ પણ



દારૂડીયાઓનો નશો ઉતર્યો નથી. કંઈક આવા જ દૃશ્યો જોવા મળ્યા બનાસકાંઠાના ધાનેરામાં.

ધાનેરાનો લાઈબ્રેરી વિસ્તાર... આ વિસ્તારમાં નગ્ન હાલતમાં સૂતેલો યુવક અવર જવર કરતી મહિલાઓને નીચુ જોવા માટે મજબૂર કરે છે... કારણ કે આ ભાઈને ચડી ગયો છે દારૂ... જાહેર રસ્તા પર દારૂ પીને સૂતેલા આવા લોકો વ્યસનમુક્તિના ધજીયા ઉડાવી રહ્યા છે. ધાનેરામાં એક નહી, બે નહી પરંતુ અલગ અલગ સ્થળો પર ત્રણ લોકો દારૂની રેલમછેલ જોવા મળી. દારૂ પીધેલી હાલતમાં જોવા મળેલા આ લોકો કાયદાના ધજીયા ઉડાવી રહ્યા છે. જો કે કેમેરાને કોઈને લોકોએ કેમેરાને જોઈને કરગરવાનુ શરૂ કરી દીધુ હતુ. તો બીજી તરફ દારૂબંધી હોવા છતાં ધાનેરામાં દારૂ ક્યાંથી આવે છે અને પોલીસ કેમ આવા લોકો પર કંઈ કાર્યવાહી નથી કરતી તેને લઈને અનેક સવાલો ઉભા થાય છે. આતો વાત હતી ધાનેરાના લાયબ્રેરી વિસ્તારની હવે જો વાત કરવામાં આવે બસસ્ટેન્ડ પાસેની તો બસસ્ટેન્ડ પાસે એવા બે લોકો દારૂ પીને નાટક કરી રહ્યા છે કે જેને જોઈ તમને પણ નવાઈ લાગશે.. દારૂના નશામાં ધુત બનીને સુતેલા યુવકનું કામ છે બજારમાં ભીખ માંગવાનું બજારમાં આખો દિવસ ભીખમાંગીને જે પૈસા ભેગા થાય તે પૈસાથી દારૂની મહેફિલ માણે છે. આ તમામ લોકોના નાટક જોવા માટે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને લોકો ભેગા મળી આ લોકોના મુંડનની વાત કરતા દારૂડિયા ત્યાંથી ઉભી પુછડીયે ભાગ્યા હતા. આ તમામ દૃશ્યો જ બતાવે છે કે ધાનેરામાં કેવી દારૂબંધી અને કેવી પોલીસની કામગીરી.



બનાસકાંઠા જિલ્લામાં ધો-૧૦ અને ૧૨ ની પરીક્ષાનો શુભારંભ થયો હતો અને વહીવટી તંત્ર દ્વારા પુરતી તૈયારીઓ કરઈહતી અને પરીક્ષા કેન્દ્રો ઉપર પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. ધો-૧૦ ના ગુજરાતી વિષયના કુલ ૪૩૩૫૮ અને ધો-૧૨ ના ૯૫૮૯ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.બનાસકાંઠા જિલ્લામાં માધ્યમિક તેમજ ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત રોજ એસ.એસ.સી. અને એચ.એસ.સી. ની પરીક્ષાનો શુભારંભ થયો હતો.

## કઠવાવડી દૂધ મંડળીમાંથી ઘી ચોરાયું

હિંમતનગર, તા. ૯

વિજયનગર તાલુકાના કઠવાવડી ગામની દૂધ મંડળીનું રવિવારે રાત્રે કોઈ ચોર ઈસમોએ તાળુ તોડી રૂપિયા ૪૬૬૦નું ઘી તથા ફાઈલની ચોરી કરી હતી જે અંગે દૂધ મંડળીના સેક્રેટરીએ વિજયનગર પોલીસમથકમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી તપાસ આરંભી છે. વિજયનગર પોલીસમથકના પીએસઓ કાન્તિલાલના જણાવ્યા અનુસાર વિજયનગર તાલુકાના કઠવાવડી ગામની દૂધ મંડળીનું રવિવારે રાત્રે કોઈ ચોર ઈસમોએ તાળુ તોડી અંદર પ્રવેશી રૂપિયા ૪૬૬૦નું ઘી તથા ફાઈલની ચોરી કરી હતી જે અંગે દૂધ મંડળીના સેક્રેટરી ખુમાનસિંહ ભાટીએ વિજયનગર પોલીસમથકમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી તપાસ આરંભી છે.

## પોશીનામાં આમ પાર્ટીની જાહેર મિટીંગ યોજાઈ

પોશીના તાલુકા મથકે રવિવારના આમ પાર્ટીની સરદારચોકમાં જાહેર મિટીંગ યોજાઈ હતી. જેમાં ખેડૂતોના લગતા મુદ્દાઓની વાત કરી હતી અને ભ્રષ્ટાચાર માઝા મુકી રહ્યો છે અને આને લઈને આમ આદમી પરેશાન થઈ રહ્યો છે. તેવી બાબતોમાં ચર્ચા કરવામાં આવી હતી. અને દિલ્હીથી દિલિપસિંહ ચૌહાણ ૫ જિલ્લા કન્વિનર પ્રવક્તા ગાંધીનગર જિલ્લા પ્રમુખ હસમુખ પટેલ, સાબરકાંઠા જિલ્લા કન્વિનર કે.ડી. પટેલ, પોશીના તાલુકા પ્રમુખ બંસીલાલ બસેરા તેમજ અરવિંદભાઈ પરમાર, ઈમરાનભાઈ મેમણ, દિતાભાઈ કટેરિયાઆએ તેઓએ આ જાહેર મિટીંગ માટે સફળ બનાવ્યો હતો.



## મોડાસામાં પુસ્તક પરબ યોજાઈ

માતૃભાષા અભિયાન અંતર્ગત સમગ્ર રાજ્યમાં પુસ્તક-પરબ કાર્યક્રમ, દરેક માસના પ્રથમ રવિવારે યોજાય છે. શ્રી એચ.એલ. પટેલ સરસ્વતી વિદ્યાલય મોડાસામાં પણ મોડાસા માતૃભાષા અભિયાન કેન્દ્ર ચાલે છે. આ કેન્દ્ર દ્વારા શબ્દસેતુના સહકારથી માલપુર રોડ પર ઝાયકા ચાર રસ્તા આગળ પુસ્તક પરબ કાર્યક્રમ યોજાયેલ હતો. શબ્દસેતુના પ્રમુખ ડૉ. જિજ્ઞેશ સુથારના જણાવ્યા મુજબ દરેક માસના પ્રથમ રવિવારે સાંજે ૪.૩૦ થી ૬.૩૦ દરમ્યાન આ સ્થળેથી વાંચકો પુસ્તકોની આપ-લે કરી શકશે. શબ્દસેતુના સલાહકાર શ્રી નિલેશ જોષી, મંત્રીશ્રી સલીમ શેખ, ઉપ પ્રમુખ એ.કે. પટેલ, પૂર્વ પ્રમુખ અરવિંદ ગજ્જર, કા.જો. પટેલ, પ્રવીણ સગર, જયેન્દ્ર પંડ્યા વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. મોટી સંખ્યામાં વાંચકોએ મુલાકાત લઈ, વાચકવર્ગ વધારતા આ કાર્યક્રમ માટે આનંદ વ્યક્ત કર્યો હતો.

# હૂંજની યુવતીને બદનામ કરવાના પ્રયાસ કરતા ત્રણ વિરૂદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૯

મહેસાણા જિલ્લાના ખેરાલુ ગામના એક શખ્સને તેની પત્નિ સાથે બનેલ અણબનાવનો હિંમતનગર તાલુકાના હૂંજ ગામની યુવતી પર શક રાખી તેને બદનામ કરવા માટે યુવતીનો મોબાઈલ નંબર અન્ય બે અન્ય શખ્સોને આપી છેલ્લા પાંચેક દિવસથી જાતીય સતામણીનો મામલો બહાર આવવા પામ્યો છે. યુવતીએ વડનગર, ખેરાલુ અને રાજસ્થાનના મળી ત્રણ શખ્સો વિરૂદ્ધ રવિવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ત્રણેય વિરૂદ્ધ ગુનો દર્જ કરી તપાસનો હિંમતનગર સીપીઆઈને સોંપ્યો છે.

ઘટના અંગે ગાંભોઈ પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત અનુસાર મહેસાણા જિલ્લાના ખેરાલુ ખાતે રહેતા મીનહાદ ઈસમાન શેખને તેની પત્નિ સાથે અણબનાવ બન્યો હતો. જે અણબનાવનો હિંમતનગર તાલુકાના હૂંજ ગામની યુવતી બિંદરાબેન (નામ બદલ્યુ છે) પર શક રાખી મીનહાદ શેખે યુવતીને બદનામ કરવા તેણીનો મોબાઈલ નંબર વડનગર તાલુકાના કહીપુર ગામના સંદીપકુમાર પટેલ અને રાજસ્થાનના રાજા નામના શખ્સને આપ્યો હતો. દરમિયાનમાં છેલ્લા પાંચેક દિવસથી બંને શખ્સ હૂંજની યુવતીના મોબાઈલ ફોન પરના વોટસઅપ પર મેસેજ કરી યુવતીની જાતીય સતામણી કરી અભગદ્ર માગણીઓ કરતા હતા.

ત્રણેય શખ્સો દ્વારા યુવતીને બદનામ કરવાના ઈરાદા અને જાતીય સતામણીથી વાજ આવી ગયેલી યુવતીએ અંતે કંટાળીને ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ઘટના અંગેની જાણ કરી ફરિયાદ નોંધાવતા પોલીસે ત્રણેય શખ્સો વિરૂદ્ધ રવિવારે ગુનો દર્જ કરી લઈ સમગ્ર મામલાની તપાસ હિંમતનગર ઈન્ચાર્જ સીપીઆઈ એસ.ડી. પટેલને સોંપી છે.

## જેસીઆઈ મોડાસા દ્વારા ટી શર્ટ વિતરણ

મોડાસા, તા. ૯

જુનીયર ચેમ્બર ઓફ ઈન્ટરનેશનલ ઈન્ડિયા મોડાસા દ્વારા પ્રાથમિક શાળાના બાળકોને ટી શર્ટ વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

જેસીઆઈ મોડાસાના પ્રમુખ ડૉ. સંતોષ દેવકર અને જેસી મિત્રોની મદદથી જાલમપુર પ્રાથમિક શાળાના તમામ બાળકોને કનુભાઈ શાહ જબુડીવાળાના આર્થિક સૌજન્યથી શાળાના તમામ બાળકોને ટી-શર્ટ વિતરણ કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્યા યોગીનીબેન પંડ્યાએ શાળાના પટાંગણમાં બસો ઉપરાંત છોડવા વાવીને શાળાને નંદનવન બનાવી છે. તે ઉપરાંત લસણ, ડુંગળી, કોથમીર, રીંગણ, ગલકા વગેરે વાવીને કિચન કોર્નર તૈયાર કરેલો છે.

જેસીરેટ ચેરમેન સ્વાતી દેવકર, જેસી રવિ શાહ, બિનલ શાહ, જેસી ધર્મેન્દ્ર ત્રિવેદી, જેસી નિલેશ જોશી, જેસી અલ્પેશ પટેલ તથા ગ્રામજનો, વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. નિલેશભાઈ જોશીએ એમના વક્તવ્યમાં કહ્યું હતું કે આ સરકારી શાળા છે એવું માન્યામાં આવતું નથી. શિક્ષકો અને બાળકોએ મળીને શાળાને નંદનવન બનાવી દીધી છે.